# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૨/ક્વા-૦૪/૨૦૨૦-૨૧/૨૪૮ તા. ૦૮.૧૧.૨૦૨૧

૨૦03ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૯૨/ક્વા-૦૪/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી ગોપાલ રામજી નકુમ ના વારસદાર C/O. લાલાભાઈ ગોપાલભાઈ નકુમ

ગામ – નંદાણા

સબડીવીઝન: ભાટિયા

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી દેવભુમી દ્વારકા

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

તારીખ: શુક્રવાર (૨૨.૧૦.૨૦૨૧)

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,અમો અમારા પિતા ગોપાલ રામજી નકુમના નામે ખેતીની જમીન દેવભુમી દ્વારકા જીલ્લા નાકલ્યાણપુર તાલુકાનાં નંદાણા ગામે આવેલ હોય અને ખેતીની જમીનમાં મારા પિતાના નામે મારા પિતા ગોપાલ રામજી નકુમના નામે સરકારના નિયમ મુજબ ઉધળીયું (ફિક્સ બીલ) વાળું ગ્રાહક નંબર ૮૨૪૪૧/૦૦૩૨૩/૨ થી કનેક્શન આવેલ હતું આ વિજકનેક્શન વાળી ખેતીની જમીનમાં આવેલ કુવામાં પુરતા પ્રમાણમા પાણી ન હોવાના કારણે અમોએ આ વિજકનેક્શન કાયમી ધોરણે રદ કરવા (બંધ કરવા) માટે એમોએ નાયબ ઈજનેરશ્રી ભાટીયા સમક્ષ ગત તારીખ. ૦૨/૦૧/૨૦૧૯ ના રોજ અરજી કરેલ છે. એટલે તેમના દ્વારા અમોને એવું કહેવામાં આવેલ તમારા બાકી નિકળતા લેણાં ભરી આપો એટલે એમોએ અમારા બાકી

નિકળતા લેણાની રકમ રૂ. ૨૨૬૪૪/- (અંકે રૂપિયા બાવીશ હજાર છસ્સો ચુમ્માલીશ) પુરા તારીખ ૦૨/૦૧/૨૦૧૯ ના રોજ પહોંચ નંબર ૮૨૦૯૧૫ થી ભરી આપેલ છે તેમજ જવાબદાર કર્મચારી દ્વારા અમારૂ કોઈપણ જાતનું લાઇટ બિલનું લેણું બાકી નથી તેવી ખાત્રી કર્યા બાદ અમોને વિજકનેક્શન કાયમી રદ્દ કરવા માટે રૂપિયા એકશો પુરા ભરવાનું કહેલ જેથી અમો અરજદારે ભાટીયા વિજકંપનીની કચેરીમાં તારીખ. ૦૨/૦૧/૨૦૧૯ ના રોજ પહોંચ નં. ૮૨૦૯૩૩ થી ભરી આપેલ છે ત્યારબાદ એકાદ માસ બાદ અમારા વિજકનેક્શનમાં આવતા સર્વિસ વાયર તેમજ વિજવાયરો તથા ટ્રાન્સફોર્મર તથા પોલ વિજ કંપનીના માણસો દ્વારા લઈ જવામાં આવેલ છે અને હાલમાં અમોને પી.જી.વી.સી.એલ. ભાટીયા દ્વારા એક લાઇટ બિલની નોટીસ આપવામાં આવેલ છે કે તમારા ઉપરોક્ત ગ્રાહક નંબરમાં બાકી રહેતી લેણાની રકમ રૂપિયા૧૦૨૭૪/- (અંકે દસ હજાર બસ્સો ચુમ્મોતેર) પુરા ભરી જવા જણાવેલ છે આ વિજકનેક્શન કાયમી ધોરણે રદ્દ કરવા (બંધકરવા) વખતે પી.જી.વી.સી.એલ. ભાટીયા દ્વારા અમારી અરજી તથા તમામ સાધનિક કાગળો તપાસી નાણાની બાકી રહેતી પુરેપુરી રકમ અમારી પાસેથી સ્વીકારી લીધેલ અને અમારૂ વિજ કનેક્શન કાયમી ધોરણે રદ્દ કરવા (બંધ કરવા) કરી આપવામાં આવેલ છે. સદરહુ બાબતે જણાવીએ છીએ કે આ કામમાં પી.જી.વી.સી.એલ. નાયબ ઇજનેરની ભુલના કારણે અમોને ગેરકાયદેસર રીતે વિજબિલ આપવામાં આવેલ છે. જેથી અમારા પિતાના નામે આવેલ હાલનું વિજબિલ રદ્દ કરી તેમજ આ વિજ કનેક્શન કાયમી રદ્દ કરવા અરજ છે. ખરી હકીકતે આ વિજ કનેક્શન રદ્દ કરતી વખતે આ તમામ બાબતો જોવાની જવાબદારી પી.જી.વી.સી.એલ. નાયબ ઇજનેરની હોય છે. અને આ કાગળો તમામ ચેક કરી અમોને પહોંચ આપવામાં આવેલ છે તેમ છતાં આ વિજ કનેક્શન કાયમી રદ્દ કરેલ નથી જે આ બાબત ખુબ જ ગંભીર પ્રકારની બેદરકારી નાયબ ઇજનેરની છે. આ ઉપરોક્ત બેદરકારી પી.જી.વી.સી.એલ.નાયબ ઇજનેર ભાટીયાની ખુલ્લે આમ જણાય આવે છે.તેમ છતાં પી.જી.વી.સી.એલ.ના કર્મચારી દ્વારા અમોને બિલ ભરી આપવા અંગે મનફાવે તેમ ધાકધમકી આપવામાં આવી રહેલ છે. જેથી હાલની અરજી આપ સાહેબ સમક્ષ લવેલ છીએ. જે કુદરતી ન્યાયના વિરૂધ્ધની પ્રક્રિયા કરવામાં આવેલ છે જો આ વિજ કનેક્શન તાત્કાલીક કાયમી ધોરણે રદ્દ કરવા (બંધ કરવા) કરવામાં નહીં આવે તો અમે નામદાર કોર્ટમાં તેની આવનાર પરિણામની જવાબદારી આપના શિરે રહેશે. ઉપરોક્ત વિગત ધ્યાને લઈ અમારી અરજીની ધોરણસર તપાસ કરી ઘટીત કાર્યવાહી કરવા અરજ છે. તેમજ આ સાથે એમોએ વિજ કનેક્શન બંધ કરવા કરેલ અરજીની નકલ તેમજ એમોએ નાણાં ભર્યા અંગેની પહોંચની નકલ આ સાથે રજુ છે વિશેષ પુરાવો જરૂર પડ્યે રજુ કરીશું.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ આપ સાહેબ શ્રીને જણાવવાનું કે શ્રી ગોપાલ રામજી નકુમ ના વારસદાર C/o. લાલાભાઈ ગોપાલભાઈ નકુમ દ્વારા ભાટીયા પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ.નંદાણા ખાતે ચાલુ વીજ કનેકશન બંધ કરી યોગ્ય તાત્કાલિક કાર્યવાહી કરવા અંગે એટલે કે ખેતીવાડી કનેકશન કાયમી ધોરણે રદ્દ કરવાની કાર્યવાહી ભાટીયા પે.વી.કચેરી દ્વારા કરી આપેલ

૨.૧ પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રી એ તા. ૩૦.૦૩.૨૦૨૧ ફરિયાદ નું સુખદ નિવારણ થયેલ છે. જેથી આગળ આ કેસ હવે આગળ ચલાવવાનો રહેતો નથી.તથા તા. ૩૦.૦૩.૨૦૨૧ સમાધાન પત્ર માં સહી કરી આપેલ છે.

**:: હુકમ ::**

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૧ મુજબ પીજીવીસીએલ કંપની ની ભાટિયા પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ દેવભુમી દ્વારકા વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૩૦.૦૩.૨૦૨૧ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતુંન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા<br>સ્વતંત્ર સભ્ય | શ્રી બી.પી.બુચ<br>ચેરપર્સન |